R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-23 • ISSUE: 38 DATE: 20-09-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ચીનના પ્રમુખે આગામી પાંચ વર્ષમાં ૧૨૦૦ અબજનું ભારતમાં મુડીરોકાણ કરવાની ખાત્રી ઉચ્ચારી



ભારતની મુલાકાતે આવેલા ચીનના પ્રમુખ અને તેમની પત્ની અમદાવાદ ખાતે ભવ્ય મહેમાનગતિ માણ્યા બાદ રાજધાની દિલ્હીમાં પહોચ્યા હતા.દિલ્હી ખાતે ચીનના પ્રમુખ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં ભારત અને ચીન વચ્ચે રેલ્વે સહિતના ૧૨ કરારો પર હસ્તાક્ષર થયા હતા.ચીને આગામી પાંચ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ ડોલર એટલેકે અંદાજે ૧૨૦૦ અબજ રુપીયાનું રોકાણ કરવાનું વચન આપ્યું હતું.વડાપ્રધાનશ્રી અને ચીનના પ્રમુખ વચ્ચે અનેક મુદાઓ પર વ્યાપક મંત્રણાઓ થઈ હતી.ત્યારબાદ બંને નેતાઓએ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. સરહદના વિવાદો અને વિઝા નિતી બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી.

ચીનના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન મોદી સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવાયું હતું કે ચીન કૈલાસ માનસરોવર યાત્રા માટે નાથુલા થઈને એક નવો માર્ગ ખુલ્લો કરશે.હાલમાં ઉત્તરાખંડમાંથી પરંપરાગત માર્ગ છે.તે ઉપરાંત આ નવો માર્ગ ખુલશે.આ નિર્ણયથી ભારતીયોને ખાસ કરીને વૃધ્ધોને આ પવિત્ર યાત્રા માટે સાનુકુળતા રહેશે. તેમના આ માર્ગેથી મોટરસાઈકલ દ્વારા પણ જઈ શકાશે.જો કે એક બાજુ ચીનના પ્રમુખ ભારત સાથે સબંધો સુધારવા માટેની વાતો કરી રહ્યા છે અને બીજી બાજુ સરહદો પર તેમના લશ્કરની ઘુસણખોરી ચિંતા ઉપજાવે છે.



અમદાવાદ ખાતે આવેલ રીવરફંડમાં યોજાયેલ રાત્રી ભોજન સમારંભ દરમિયાન ચીનના પ્રમુખ અને વડાપ્રધાન મોદીની એક લાક્ષણિક ઝલક

## ગુજરાત સરકારની ઇ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ કમ્પ્યુટર સેવાઓ ઠપ થઇ ગઇ

જે પ્રોજેકટના નામે આંતરરાષ્ટ્રીય,રાષ્ટ્રીય સ્તરના એવોર્ડ મળ્યા હતા તે ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગનું વહીવટી તંત્ર ખાડે ગયુ છે. ધ બેસ્ટ ઈ- ગવર્નન્સ નો એવોર્ડ અપાવનાર ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ ઠપ થઈ ગયાની વ્યાપક ફરિયાદો આવી છે.ફરિયાદોનો કોઇ પણ ઉકેલ આવી શક્યો નથી.ગુજરાત સરકારના બીજા વિભાગને આ યોજના નો હવાલો સોપવાની કાર્યવાહી શરુ થઈ છે.જાહેર વિતરણ વ્યવસ્થાના સુચારુ અમલ માટે અમલમાં મુકેલ બારકોડેડ રેશન કાર્ડ અને બાયોમેટ્રીક કુપન સિસ્ટમ જેના આધારે અસ્તિત્વમાં આવી હતી તે ઈ-ગ્રામ સેન્ટરમાં કોમ્પ્યુટર બરાબર ચાલતા નથી. ઈન્ટરનેટની કનેકટીવીટી મળતી નથી. આવી સ્થિતિને કારણે રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભગાને બારકોડેડ બાયોમેટ્રીક કુપનની સિસ્ટમ સસ્તા અનાજની દુકાનોના સંચાલકોના હવાલે મુકવાની ફરજ પડી છે.નવી વાજબી ભાવની દુકાનોના સંચાલકો પાસેથી કોમ્પ્યુટર,હેન્ડ હેલ્ડ ટર્મીનલ, લેપટોપ,પ્રિન્ટર અને બાયોમેટ્રીક ડીવાઈસ વસાવે તેવી સરકારના પુરવઠા વિભાગની અપેક્ષા છે.એજ શરતોએ નવી દુકાનોને મંજુરી આપવામાં આવશે.

## ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની આદત પાડો નહીતર ભારે દંડ ભરવો પડશે

રોડ ટ્રાન્સપોર્ટ સેફટી બિલ આવી રહ્યું છે તેમાં ટ્રાફિકના નિયમોનું પાલન ન કરનારાઓએ ભારે દંડ ભરવો પડશે.તેમજ સજા ભોગવવી પડશે.

દારુ પીને વાહન ચલાવનારને પચાસ હજારનો દંડ તેમજ ખામી યુક્ત વાહન બજારમાં મુકનારી કંપનીને પાંચ લાખ રુપીયાનો દંડ કરવામાં આવશે.આ ઉપરાંત સિગ્નલ તોડવા, રોગ સાઈડમાં વાહન ચલાવવું,સીટબેલ્ટ બાંધ્યા વગર વાહન ચલાવવું,ઈમરજન્સી વાહનોને અરોધવા વિગરેના નિયમો તોડવા બદલ પાંચ હજારો દંડ કરવામાં આવશે.વાહનચાલક દ્વારા રોડ અકસ્માતમાં બાળકનું મોત થયા તો તેને ત્રણ લાખનો દંડ થશે. અને ત્રણ મહિનાની જેલ થશે.વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ કરનારને ચાર હજાર રુપીયાનો દંડની જોગવાઈ કરવામા આવી છે.હેલ્મેટ વિના વાહન ચલાવનારને ૨૫૦૦ રુપીયાનો દંડ ભરવો પડશે.

ગુનામાં પુનરાવર્તન કરનારાને બમણો દંડથી દસ હજાર સુધી દંડ કરવામાં આવશે. આ પ્રસ્તાવ પાસ થશે તો વાહનો ચલાવનારાઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. કારણકે આપણા લોકો વાહન ચલાવતી વખતે કાયદાઓનું પાલન કરવામાં ઓછું માને છે.તેમજ પૈસાદાર માંબાપના બાળકો કાયદાની પરવા કરતા નથી કારણકે તેમના માંબાપો તેમને કોઈપણ કાયદાથી પર કરાવવામાં માને છે.

## મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપ યુતિ ભંગાણના આરે

મહારાષ્ટ્રમાં આગામી દિવસોમાં આવનાર વિધાનસભાની ચુંટણી પહેલા ભાજપ-શિવસેનાની ૨૫ વર્ષ જુની યુતિ ભંગાણના આરે આવીને ઉભી છે.શિવસેનાને વિધાનસભામાં ૧૩૫ બેઠકો જોઈએ છે જો તે નહીં મળે તો બંન્ને પક્ષોનું જોડાણ તુટી જાય તેવા સંજોગો દેખાઈ રહ્યા છે.ભાજપ આ બાબતે સમાધાન કરવા તૈયાર નથી.માત્ર શિવસેનાને જ સમાધાન કરવું પડે તેમ હાલના તબક્કે દેખાઈ રહ્યું છે.બેઉ પક્ષો સમાધાન કરવા તૈયાર નથી.બેઉ પક્ષો સ્વાભિમાનની વાત પર અડગ ઉભા રહ્યા છે.જેથી સમાધાન નહી થાય તો યુતિ તુટી પડશે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

ચીનના પ્રમુખ ભારતની સત્તાવાર મુલાકાતે આવ્યા અને તેની શરુઆત અમદાવાદથી કરવામાં આવી.અમદાવાદના આંગણે વિદેશી મહેમાન પધાર્યા તે એક પ્રશંસનીય બાબત છે.મોટા ભાગના વિદેશી મહાનુભાવો દેશની રાજધાની દિલ્હીમાં આવે અને વધારેમાં વધારે આર્થિક રાજધાની મુંબઇની મુલાકાત લઇને પાછા ચાલ્યા જાય.પરંતુ ગુજરાત માટે એક ઐતિહાસિક બાબત બની કે વિશ્વની મહાસત્તા ગણાતા દેશના પ્રમુખ અમદાવાદ ખાતે પધાર્યા.આ ઉપરાતં ગુજરાતને તેમના આવવાથી વિકાસમાં અનેક નવા પરિબળોનો સાથે મળશે તેવા કરારો પણ થયા.

આ તમામ બાબતો બનવા પાછળ જો કોઇને શ્રેય આપવાનો હોય તો તે માટે આપણે આપણા માજી મુખ્યમંત્રી અને હાલમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીને આપવો પડે. તેમના થકી આ બાબતો આપણા માટે હકીકત બની.

ખેર,ચીનના પ્રમુખે આવીને અનેક બાબતો અંગેના કરારો કર્યા.પરંતુ તેમના પર વિશ્વાસ કેવી રીતે કરવો તે બાબતે સહુ કોઇના મનમાં શંકા તો છે. ભલે તે જાહેરમાં ના દેખાડાતી હોય.સરહદો પર જે રીતે ચીનનું લશ્કર આપણા પ્રદેશો પર પોતાનો પગદંડો જમાવવા પ્રયત્ન કરી રહ્યું છે તે ચિંતા ઉપજાવે તેવું છે.ભારત અને ચીનના સૈનિકો એકબીજાથી ૨૦૦ મીટરના જ અંતરે ઉભા છે.તેમજ ડેમચોક અને ચુમાર વિસ્તારમાં લગભગ સામસામે આવી ગયા છે.જેથી ભારતે પોતાની સૈનિક સંખ્યા વધારવી પડી છે.આ બધું ચિંતા ઉપજાવે તેવું છે.

ચીન તરફથી થઇ રહેલ ઘુસણખોરી એટલી બધી વધી ગઇ છે. કે ભારત જો સખ્ત હાથે કામ લેશે નહી તો આ ચીન આપણી સરહદોમાં ગેરકાયદેસર ઘુસીને બાંધકામ કરીને પછી પોતાનો વિસ્તાર જાહેર કરી દેશે.ચુમાર વિસ્તારમાં ચીની સૈનિકો ધસી આવ્યા છે. તે લેહથી ૩૦૦ કી.મી.ના અંતરે આવેલ છે.ચીન નિયંત્રણ રેખા પર રોડનું નિર્માણ કરી રહ્યું છે.બાંધકામ કરનારા મજુરો ભારતીય સરહદમાં ઘુસી ગયા હતા. અને બાંધકામ કરી રહ્યા હતા. તેમની ભારતીય સૈનિકોએ અટકાવ્યા હતા.તેથી મજુરો ત્યાંથી હટ્યા નથી પરંતુ ચીનના ૪૦૦ જેટલા સૈનિકોનુ ધાડું શ્રમિકોની મદદે આવી ગયું છે.તેનો મતલબ છે કે ચીન નિયત્રણ રેખા પર જે રોડ બનાવવા માંગે છે તે આપણી સરહદના ભોગે બનાવવા માંગે છે.રોડ બની ગયા પછી વિસ્તાર પર પોતાનો દાવો કરી શકાય.સરકારે આ બાબતે તાત્કાલીક ચીની સત્તાવાળાઓ સાથે વાત કરીને આ ઉકેલ લાવવો જોઇએ.સરહદોના ઝગડાઓ અશાંતિ સર્જી શકે છે.

## મંતવ્ય

કેન્દ્ર સરકારની ૧૦૦ દિવસની કામગીરીમાં શું થયું તેનો રીપોર્ટ સરકાર જારી કરીને અચ્છે દિન આયે તેની પ્રતિતી કરાવવાની હતી. પરંતુ વડાપ્રધાનશ્રીને તેમનાજ નીમેલા મંત્રીઓએ તેમના ૧૦૦ દિવસમાં કરેલા લોકહિતના કાર્યોની નોધ આપી નથી.જેથી સરકાર પોતાની ૧૦૦ દિવસની કામગીરીનો રીપોર્ટ પ્રજા સમક્ષ રજુ કરી શકી નથી.સત્ય શું છે ખબર નથી પરંતુ જો વડાપ્રધાનને તેમના મંત્રી મંડળના સાથીઓ તેઓની કામગીરીનો રીપોર્ટ આપે નહી તો તેમની સામે કડક હાથે કામ લેવું જોઇએ. પ્રજાને એવો સ્વચ્છ અને કાર્યદક્ષ વહિવટ જોવો છે જેનાથી યુપીએ સરકારની ખરડાયેલી છબીથી નાખુશ થઇને તેમણે સત્તામાં પરિવર્તન આપ્યું છે. જો આજ પ્રમાણે નવી સરકાર કરવાની હોય તો તેમના વળતાં પાણી થશે.તાજેતરની વિધાનસભાની થયેલ ચુંટણીઓમાં જે પરિણામો આવ્યા છે તે પરથી એવું લાગે છે કે લોકોને જે વિશ્વાસ ઉભો થયો હતો તે ધીમે ધીમે ઓછો થવા માંડ્યો છે. પરિણામો એવું બતાવે છે કે પ્રજા હવે પાછી કોગ્રેસ તરફ ફરવા લાગી છે. તેમને એવું લાગ્યું છે કે તેમની સાથે બનાવટ થઇ છે.ખોટા ભવ્ય ઉત્સવોથી,ઝાકઝમાળ અને પ્રચારથી પ્રજાને હવે વધુ છેતરી નહીં શકાય.

મનોજભાઇ કે. નાયક


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# ગુજરાતની પેટા ચુંટણીઓના પરિણામો વિપક્ષને તાકાત આપનારા છે : શંકરસિંહ વાઘેલા

ભાજપે' અચ્છે દિન આનેવાલે હે 'નું સુત્ર આપીને સામાન્ય માણસોની આશા અને અપેક્ષાઓ જાગૃત કરીને જે રીતે દેશમાં બહુમતી મેળવીને સરકાર બનાવી તેના ૧૨૦ દિવસમાં મતદારોને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થઇ ગયો છે. જેનો બોલતો પુરાવો દેશભરમાં ૩ લોકસભા અને ૩૨ વિધાનસભાની પેટા ચુંટણીઓના પરિણામો બતાવે છે.દેશમાં ભ્રષ્ટાચાર, મોઘવારી, બેકારી,ગરીબી છે. આ બધાને દુર કરવાનું વચન અપાયું હતું.ભારતના સૈનિકોનું માથુ વાઢનારાઓનું માથું કાપી લાવીશું,ચીનની શાન ઠેકાણે લાવી દેશું જેવા હજારો પ્રકારના વાયદાઓ કરીને લોકોની સંવેદનશીલતાને ઉશ્કેરીને ભાજપે મતદારોને છેતર્યા હોવાનું કોગ્રેસના વરિષ્ઠ નેતા અને વિધાનસભાના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું.

જ્યારે ગુજરાત પ્રદેશ કોગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ કહ્યું હતું કે ગુજરાતમાં પણ પ્રજાએ ભાજપના વર્ચસ્વવાળી ૩ બેઠકો કોગ્રેસને આપીને ભાજપને પરચો આપી દીધો છે.મોઘવારી ઘટશે, મહીલાને સલામતી,યુવાનોને રોજગારી મળશે તેવા વાયદાઓ સાથે સત્તા મેળવનારા ભાજપના પ્રધાનમંત્રીની ઉલ્ટી દિશામાં ગતિને પ્રજા પીછાણી ગઇ છે.તેવો આરોપ તેમણે મુક્યો હતો.જો કે ત્રણ બેઠકો જીતતાં કોગ્રેસ પક્ષમાં નવો પ્રાણ સંચાર થયો છે.પક્ષ મરણપથારીથી બેઠો થયો હોય તેમ લાગ્યું છે.મોદીના જન્મદિને ૧૦ બેઠકોની ભેટ આપવાનો મુખ્યમંત્રી આનંદીબેનની વાતને ગુજરાતની પ્રજાએ જાકારો આપ્યો છે.

## ઇબોલા વાયરસની દવા શોધવામાં વૈજ્ઞાનિકોને મળેલી સફળતા

વિશ્વભરમાં ઇબોલા વાયરસથી ચિંતા ફેલાયેલી છે.આફ્રીકન દેશોમાં ઇબોલા વાયરસે હાહાકાર મચાવી દીધો હતો.આફ્રિકન દેશોમાં આવતા લોકો પર પણ ભારે વોચ રાખવામાં આવતી હતી. તેમજ તેમની સંપુર્ણ તપાસ કરવામાં આવતી હતી જેથી અન્યોને ચેપથી બચાવી શકાય.પરંતુ સારા સમાચાર એ છે કે હાલમાં વૈજ્ઞાનિકોએ જિમેપ નામની દવા ઇબોલાગ્રસ્ત લોકોને બચાવવા માટે શોધી કાઢી છે.ઇબોલાગ્રસ્ત વાંદરાઓ પર આ પ્રયોગ કરવામાં આવ્યો જે સફળ રહ્યો હતો.

વાંદરાઓને બીજો ડોઝ આપવામાં આવતાં તેઓ બિમારીમાથી મુક્તિ મેળવી છે.જેથી આ દવા માણસોમાં કામ કરશે તેવો વિશ્વાસ બેઠો છે.નિષ્ણાતોના મતે માણસોની સારવાર કરાવવાનો માર્ગ શોધવો કઠીન છે. અને હાલમાં સંભવ નથી. પરંતુ જાનવરોમાં જો શક્ય બને તો માણસો પર પણ શક્ય બને તેવી આશા ઉભી થઇ છે.


**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭, ૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઇ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


## ગુજરાતમાં કોસ્ટલ મરીન પોલીસ ટ્રેનીગ ઇન્સ્ટીટ્યુટ સ્થપાશે

ગુજરાતમાં કોસ્ટલ સિક્યોરીટીને સુનિશ્ચિત કરવા માટે વધુમાં વધુ લોકોને તાલીમ આપી શકાય તેવી વ્યવસ્થાના ભાગ રુપે મરીન પોલીસ ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટની સ્થાપના કરવાનું એલાન કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથ સિહં પોરબંદર ખાતે કર્યુ હતું.તેમણે કોસ્ટ ગાર્ડને આધુનિક બનાવવા માટેની યોજનાઓની માહિતી પણ આપી હતી.તેમણે કહ્યું હતું કે ગુજરાતના સાગરકાંઠાની લાંબી દરિયાઇ સરહદ છે. તેથી તેની સુરક્ષા વધુ મહત્વની બની જાય છે.અહીયા તેમણે કચ્છ ખાતેથી સરકીકનું હવાઇ નિરિક્ષણ પણ કર્યુ હતું.

## ઇસીસ ના આતંકવાદીઓ દ્વારા બ્રિટીશ નાગરિકનો શિરચ્છેદ

ગત વર્ષે સીરીયામાંથી અપહરણ કરાયેલા એક બ્રિટીશ નાગરિક ડેવીડ હેઇન્સનો શિરચ્છેદ કરતો વીડીયો ઇસ્લામીક સ્ટેના આતંકીઓએ જારી કર્યો હતો.આ આતંકવાદીઓએ તાજેતરમાં જ જેમ્સ ફોલી અને સ્ટીવન સોટલોફ નામના બે અમેરિકી પત્રકારોની પણ ઘાતકી હત્યા કરી હતી.તેમણે સીરીયન સૈનિકોની સામુહિક હત્યાના વિડીયો જારી કર્યા હતા.અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમરુને આ હત્યાને વખોડી કાઢી હતી.આ હત્યાને શૈતાની કૃત્ય ગણાવતા હત્યારાઓને ઝડપી લેવા માટે બ્રિટન બધું જકરી છુટશે તેમ જણાવ્યું હતું.બ્રિટશ વડાપ્રધાને સ્થિતિની ચર્ચા કરવા માટે સરકારની ઇમરજન્સી રિસ્પોન્સ કમિટિની તાકીદની બેઠક બોલાવી હતી.

## અમેરિકન નાગરિકત્વ છોડવા માટે ૨૩૫૦ ડોલર ચુકવવા પડશે

અમેરિકાની નાગરિકતા રદ કરવી હવે મોંઘી સાબિત થશે.અમેરિકાએ નાગરિકતા રદ કરવા માટેની ફીમાં પાંચ ગણો વધારો કર્યો છે.માહીતી અનુસાર નાગરિકતા રદ કરનારાઓએ ૨૩૫૦ ડોલર ચુકવવા પડશે.આ ચાર્જ પહેલા માત્ર ૪૫૦ ડોલર જ હતો.યુ.એસ. સ્ટેટ વિભાગે જણાવ્યું હતું કે નાગરિકતા રદ કરવા પાછળની કાર્યવાહી ખુબજ ખર્ચાળ છે.તેમજ તેની પ્રક્રિયામાં પણ સમય લાગે છે.તેની પાછળ થતો ખર્ચ વધી જતાં અને ખર્ચને પહોચી વળવા માટે ફીમાં વધારો કરવામાં આવ્યો છે.આ વધારા પાછળનું એક કારણ એવું પણ છે કે અમેરિકાના નાગરિકો અન્ય દેશોમાં સ્થાયી થઇ રહ્યા છે.અમેરિકા સાથે તેમનો નાતો તોડી રહ્યા છે.ગત વર્ષે ૨૯૯૯ યુએસ નાગરિકોએ તેમની નાગરિકતા સમાપ્ત કરી હતી.


**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

# સવારે સમાચાર પત્ર આપણને આખા વિશ્વની નવાજુનીઓ સંદેશ આપી દે છે

આખું જગત સંદેશ આધારિત ચાલે છે. સંદેશના પાયામાં ભાષા રહેલી છે.જો કે ભાષા સિવાય પણ સંદેશ મોકલી શકાય છે.એનુ ક્ષેત્ર સાંકડુ છે.આપણે સામસામે બેઠા હોઈએ તો નિર્દેશ કરીને કોઈ વસ્તુ મંગાવી શકીએ છીએ. પણ ઈશારાઓની મર્યાદા હોય છે.હું ઈશારાથી પાણી મંગાવી શકું છું.પણ મારી ઓફિસમાંથી કંઈ મંગાવવુ હોય તો મારે ભાષાની જરુર પડે છે. સંદેશાની રીતે જોઈએ તો એક માણસને મનમાં કંઈક વિચાર આવ્યો, તે બીજાની આગળ વ્યક્ત કરે, અને એ પ્રમાણે સામેની વ્યક્તિ એ કામ કરે, તેથી એમ કહેવાય કે સંદેશનું માધ્યમ ભાષા છે.જો માનવજાત પાસેથી ભાષા લુપ્ત થઈ જાય તો સઘળો વ્યવહાર અટકી પડે.કોઈ માણસ પોતાની ઓફિસમાંથી બેસીને વહીવટ ચલાવી ન શકે. ખેડુત ખેતી ના કરી શકે.મજુર મેહનતમાંથી બાકાત થઈ જાય.એક ગામથી બીજે, એક પ્રદેશથી બીજા કે વિશ્વના કોઈ ખુણે સંદેશ મોકલવો હોય તો ભાષાની જરૂરીયાત પડે જ.આ વાત થઈ સંદેશ માટે ભાષાની.પણ સંદેશ એટલે શું? એ તો પ્રશ્ન ઉભો જ રહ્યો છે. ધારો કે મારે કોઈ કામ હોય અને તમને બોલાવવા હોય,તો માણસ મોકલુ તે મારો સંદેશ તમને કહી સંભળાવે અને તમે તે પ્રમાણે અમલ કરો.તમે દેશાવર હોવ તો હુ તમને પત્ર દ્વારા સંદેશો પાઠવુ અથવા ફોનથી સમાચાર આપું. હવે તો સંદેશ માટેના સાધનો વ્યવસ્થા એટલાં તો વધી ગયાં છે કે તમે દુનિયાના કોઈપણ ખુણે કોવ તો પણ બીજી મિનિટે સંદેશ પહોચીં જાય. આજે તો દુનિયા ઘણી નાની બની ગઈ છે.અને સંદેશાનો વ્યવહાર સરળ.

સંદેશ એટલે કહેણ, ખબર, સમાચાર એવો અર્થ થાય છે.આજે આપણે ટી.વીની સ્વિચ પાડીએ અને દુનિયાના બધા જ સંદેશ સંકંડમાં મળી જાય. સવારે છાપામાં જગતની નવાજુનીનો સંદેશ આપણને મળી જાય. એ બધા જ સમાચાર છે. પણ ગાંધીજીએ કહ્યુ છે કે ‘મારુ જીવન મારો સંદેશ છે ‘આ બાબત એક નવુંજ દ્વાર ખોલી આપે છે. આપણે દર્પણની સામે ઉભા રહીએ તો આપણે કેવા છીએ એનો સંદેશ તે આપણને આપી દે છે. એ રીતે માણસના કાર્યો એનો સંદેશો પહોચાડે છે.જે ઉપદેશકો કે કથાકારો શબ્દોથી સંદેશ પહોચાડી શકતા નથી તે આચરણથી તરત જ પહોચી જાય છે.દીન દુખીયાની સેવા કરવી,કચડાયેલી પ્રજાને દુનીયાના ચોકમાં ઉભી રાખવા માટે જાગૃત કરવી અને સમાજના દુષણોને દુર કરીને સન્માર્ગ બતાવવા માટે જે ભેખ ધરીને ચાલે છે એને શબ્દોથી સંદેશ આપવાની જરુર નથી.એ તો ખભે ખલીતો કરીને નીકળી પડે છે, તો ધીમે ધીમે પ્રજા એની પાછળ ઘસડાય છે,એ જ એમનો સંદેશ અને એજ એમનુ જીવન છે. આપણે આ વિશ્વમાં આપણી આંખ અને કાન ખુલ્લા રાખીએ તો દરેક વસ્તુમાંથી આપણને જીવનનો સંદેશ મળી રહે છે.કીડીઓનુ નિરિક્ષણ કરો તો એમની પાસેથી કેવો મહાન સંદેશો મળી રહે છે. કીડીઓ પાસેથી મહેનતનો મંત્ર મળે છે.વૃક્ષો પાસેથી પરોપકારનો સંદેશો મળે છે.સાગર પાસેથી ઉંડાણ અને આનંદનો સંદેશ પમાય છે. સુર્ય-ચંદ્ર આપણનો સમયનો તકાજો સમજાવે છે.આ ધરતી એ સહનશીલતાનો સંદેશો આપે છે.માર્શલ મેકલુહેને તો ‘માધ્યમ એ જ સંદેશ છે ‘એવી વાત કરી છે.પવન, આપણને શાનો સંદેશો આપે છે.?આ બધાજ માધ્યમ છે.માધ્યમથી જ સંદેશો મેળવી શકાય છે.ટપાલમાં જે સંદેશો આવતો,એના માટે લોકો દિવસોના દિવસો સુધી ઝુર્યા કરતા.

સમયે સમયે સંદેશાના માધ્યમ પણ બદલાતાં રહ્યાં છે.જુના સમયમાં એક રાજા બીજા રાજને પોતાનો સંદેશો કાપડમાં લખીને સૈનિક દ્વારા મોકલતો, ભરી સભામાં તે વાંચવામાં આવે,પછી એનો પ્રત્યુત્તર આપવામાં આવતો.ઘણા કબુતરોને માધ્યમ બનાવીને પોતાના સંદેશાઓની આપ લે કરાવતાં. ટપાલ તો ઘણી મોડી આવી. પણ આજેય ટપાલ દ્વારા સંદેશની આપ-લે થાય છે.ઝડપી સંદેશા તાર દ્વારા મોકલાતા. અત્યારે તો સંદેશના માધ્યમોએ દુનિયાને મુઠ્ઠીમાં કરી લીધી છે.સંદેશા દ્વારા સામેની હકીકત જાણી શકાય છે.સંદેશાથી માણસના મનની દશાનો ખ્યાલ આવે છે.સંદેશો જ સાચી પરિસ્થિતિનો તાગ મેળવવામાં કામ લાગે છે.સવારે સમાચાર પત્ર આપણને આખા વિશ્વની નવાજુનીઓ સંદેશ આપી દે છે. ક્યાં શુ થાય છે અને કેવી પરિસ્થિતિ છે, તે સંદેશા દ્વારા જાણી શકાય છે. ક્યાંક આગ લાગે તો તરત ફાયરબ્રિગેડને સંદેશ પહોચાડાય છે. તેથી તે દોડી આવે છે. આ બધી સંદેશા વ્યવહારની સામાન્ય વાત થઈ.

એ સિવાય પણ સંદેશો આપી શકાય છે. જે ઘણાના જીવનને સીધો સ્પર્શે છે. કોઈ મહાન માણસને પુછવામાં આવે છે કે પ્રજા માટે તમારો સંદેશ શું છે ?અહીં સંદેશનો આખો અર્થ ફરી જાય છે.ધર્માચાર્યો જે સંદેશ આપે છે, એ માણસને જીવનની દિશા સુચવે છે. કોઈને ઉત્તમ પુસ્તક લખ્યુ હોય, એનો સંદેશ કંઈ જુદા જ પ્રકારનો પ્રભાવ પાડતો હોય છે.તો ક્યારેક માણસને આત્માનો અવાજ સંદેશો આપતો હોય છે.જોન વ્હાઈટહેડે કહ્યુ છે ‘બાળકો એક જીવંત સંદેશ છે જે આપણે એવા એક સમયમાં મોકલીએ છીએ કે જે આપણે કદી જોઈ નહીં શકીએ ‘આપણે જાણીએ છીએ કે બાળક તો પ્રભુનો પયગંબર છે.જ્યાં સુધી બાળકો આ ધરતી પર આવતાં રહેશે ત્યાં સુધી સ્વર્ગ અહીં જ છે. કેટલાંક અજ્ઞાત સંદેશ મળતા હોય છે. આ અનંતની પાર પ્રાણવાહક સુના સંદેશ લઈ જવા માટે મહાદેવી વર્માએ કહ્યુ છે આ જગતમાં દરેક જીવ કંઈ ને કંઈ પ્રાપ્ત કરવા માટે કોઈને કોઈ સંદેશ મેળવવા માટે, મથામણ કરતો જ હોય છે. પરમાત્માએ તો આપણને ચોમેરથી સંદેશાનો વરસાદ વરસાવ્યો છે. પણ એને ઝીલનાર કોણ ?ઈટાલીયન અભિનેત્રી એલેનોરા દુસે (૧૮૫૮-૧૯૨૪)કહ્યુ છે ‘જો ભુરા આકાશને જોઈને તમારુ ચિત્ત પ્રસન્ન થઈ જતુ હોય, જો પ્રકૃત્તિ દ્વારા પાઢવવામાં આવતા સરળ સંદેશાઓ તમે સમજી શકો તો તમારો આત્મા હજી જીવિત છે ‘ જે પ્રકૃત્તિને માણી શકતા નથી એ જીવે કે મરે તેથી કોઈ જ ફરક પડતો નથી.પ્રકૃત્તિ સાચા જીવનનો સંદેશ આપે છે.એ સંદેશનો પચાવવાની ક્ષમતા આપણે ગુમાવી બેઠા છીએ.

ઈશ્વર આપણી સાથે સતત વાત કરતો રહે છે. સારી કે ખરાબ ઘટનાઓ પણ એનો જ સંદેશ હોય છે. એ સંદેશને આપણે વાંચી શકીએ તો એનું આંતરસત્વ પામી શકાય છે. મેલકમ મગરીજી કહ્યુ છે ‘ દરેક નાની કે મોટી ઘટના એક ઉદાહરણ કથા છે.જેના દ્વારા ઈશ્વર આપણી સાથે વાત કરે છે.અને જીવને આપણે એ સંદેશને પ્રાપ્ત કરવાનો છે.આપણે ભલે માનતા હોઈએ કે કોઈ અનિષ્ટ ઘટના ઘટી છે,પણ એય એનો સંદેશ હોય છે. એની લીપીને આપણે ઉકેલવાની રહે છે.’આપણે કોઈ ધાર્મક ગ્રંથ વાંચતા હોય, તો આપણને એમાંથી સંદેશો મળતો હોય છે.ડો.સ્યુસે કહ્યુ છે ‘ ધર્મગુરુઓએ વાત કરી કે આ ધાર્મિક ગ્રંથમાં કેટલો સારો સંદેશો છે !તમે કંઈ પણ કરો,કોઈ ને કોઈ હંમેશાં તમારા ગ્રંથમાના ગર્ભિત અર્થો વધારશે ‘ આપણે જાણીએ છીએ કે, હોઠ દ્વારા જ આપેલો સંદેશો કાનને સ્પર્શીને જતો રહે છે.પણ હ્યદયનો સંદેશ હ્યદય સુધી પહોચે છે.બીલ ગોથાર્ડે કહ્યુ છે કે ‘ મગજમાં તૈયાર થયેલો સંદેશો બીજા મગજ સુધી પહોચે છે.જ્યારે જીવન દ્વારા પ્રસારિત સંદેશ અન્ય જીંદગીને પ્રભાવિત કરે છે.‘

ડૉ.કિશોરસિંહ સોલંકી

(સૌ.સંદેશ)

# પાલીતાણામાં માછીમારોનો ધંધો બંધ કરવા મનાઇ સામે રીટ

જૈનોના યાત્રાધામ પાલિતાણામાં સંતોના આંદોલન બાદ ફીશરીઝ વિભાગે પાલિતાણા શહેરની હદમાં માછલીઓ વેચવા પર પ્રતિબંધ મુકી દીધો છે.આ પ્રતિબંધ ગેરકાયદેસર છે અને તેને હટાવવા ાટે ગુજરાત હાઈકોર્ટમાં પિટીશન કરવામાં આવી છે.પીટીશનર મીઠાપુરાના વિનોદભાઈ વાલજીભાઈ પોતે માછીમાર છે.તેમણે કરેલી પીટીશનમાં રજુઆત કરવામાં આવી છે કે ૧૯૯૯થી એક નોટિફિકેશન અમલમાં છે જે મુજબ શૈત્રુંજય જતાં રસ્તે આવતાં ભૈરવનાથ બ્રીજથી તળેટી સુધીના રસ્તા પર માછલી વેચવાની મનાઈ છે. અને આ નોટિફિકેશનનું અમે લોકો પાલન કરીએ છીએ.આ પ્રતિબંધિત વિસ્તારની બહાર જ માછલી વેચવાનો ધંધો કરવામાં આવે છે. તા. ૨૨ જુને જૈન સંતોએ પોલીસ કે કલેકટરની પરવાનગી વગર ઈંડા, માંસ અને માછલી ખાવા અને વેચવા સામે ભુખ હડતાલ કરી હતી. આ વિરોધને ખાળવા માટે નગરપાલિકા દ્વારા ૨૩ જુને તાત્કાલિક મીટીંગ બોલાવવામાં આવી હતી .જેમા માછીમાર સમુદાયના લોકોને બોલાવાયા નહોતા. ત્યારબાદ ૧૯૯૯ના નોટિફીકેશન મુજબ જે પ્રતિબંધિત વિસ્તાર નથી. ત્યા પણ બંધી કરાઈ છે જે સામે ગુજરાત હાઈકોર્ટમાં રીટ કરવામાં આવેલી છે.હવે કોર્ટમાં આ રીટમાં શુ પરિણામ આવે છે ત્યારબાદ ત્યાંના માછીમારો ભાઈઓનું ભવિષ્ય નક્કી કરવામાં આવશે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



★ **નીલા ફાઇનાન્સ** ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

***નીલા સી.ગામડીયા***

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮

**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨

શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨

શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨

શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨

શ્રી પાઉલભાઈ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨

# ઇબોલા રોગને નાથવા માટે બીલ અને મીલીન્ડા ગેઇટ તરફથી ૫૦ મીલીયન ડોલરનું દાન આપવામાં આવ્યું

બીલ અને મીલીન્ડા ગેઇટ્સ ફાઉન્ડેશન, જે વિશ્વમાં સૌથી મોટા દાનવીર તરીકે ખ્યાતિ પામેલ છે તેમણે જણાવ્યું હતું કે તેઓ ઈબોલા વાયરસ ક્રાઈસીસ સામે લડવા માટે ૫૦ મીલીયન ડોલરનું દાન કરે છે.ઈબોલા વાયરસ રોગના કારણે વેસ્ટ આફ્રીકામાં ૨૨૦૦થી વધુ લોકોના મોત થયા છે.ફાઉન્ડેશન તરફથી જણાવાયું હતું કે આ દાનના નાણાં ઈન્ટરનેશનલ ગ્રુપો અને નેશનલ સરકારાને ઈબોલા વાયરસ સામે લડવા માટે જરુરી ચીજવસ્તુઓ ખરીદવા,તાત્કાલીક ઓપરેશનો માટે અસરગ્રસ્ત દેશોને આપવામાં આવશે.આ રીતે તેઓ પબ્લીક અને પ્રાઈવેટ સેકટરોને ભાગીદાર બનાવીને કાર્ય કરશે.ઈબોલાને નાથવા કે તેમના ભોગ બનેલાઓને માટે થેરાથીનો વિકાસ કરવા,વેકસીન બનાવવા, અને તે અંગેની શોધખોળ કરવામાં આ ફાઉન્ડેશન મદદ કરશે.

રીઓટર તરફથી એવું જણાવાયું હતું કે આ સંસ્થા,નિયમિત રીતે વિકાસ અને રાહત કાર્યો માટે જુદા જુદા દેશોમાં નાંણા આપે છે.તેમણે ૧૦ મીલીયન ડોલરની જોગવાઈ અગાઉ પણ ઈબોલા સામે પ્રતિકાર કરવા માટે કરી હતી.આ ઉપરાંત ૨ મીલીયન ડોલર તેઓ મેનેજમેન્ટ સપોર્ટ સારવાર, અને હેલ્થ કેર સીસ્ટમને મજબુત કરવા માટે પણ આપવાના છે.

ઈબોલા વાયરસ દ્વારા ઈતિહાસમાં સહુ પ્રથમ વાર ૨૨૦૦ માણસોનો ભોગ લેવાયો છે.અને તેના અન્ય ભોગ બનેલા લોકોનો આંકડો ૪૩૦૦ જેટલો થવા જાય છે.આ વાયરસનો ભોગ બનેલા લોકો ગુએના,લાયબેરીયા, અને સીયેરા લીયોનના મોટા ભાગના છે.ધીમે ધીમે આ વાયરસ નાઈજીરીયા અને સેનગલમાં પણ પ્રવેશી ચુક્યો છે.અને અહીયા પણ તેના ભોગ બનેલા લોકોનો આંકડો વધી રહ્યો છે.અને આમ તે અન્ય દેશોમાં પણ ફેલાઈ શકે છે.

પ્રેસિડેન્ટ બરાક ઓબામાએ આ સપ્તાહ પહેલાં જાહેર કર્યું હતું કે તેઓ યુએસ ટ્રુપને વેસ્ટ આફ્રીકા મોકલી આપશે જેઓ દેશમાં સલામતી માટેનો ખુબજ ગંભીર પ્રશ્ન ઉભો થયો છે તેમાં મદદ કરે.અમો યુએસ મીલીટરી સેટ અપ દ્વારા,દાખલા રુપે એક આઈસોલેશન યુનીટ અને તેની સાથે જરુરી સંશાધનો મોકલીને પબ્લીક હેલ્થ માટે પણ કાર્ય કરવા માંગીએ છીએ.જો અમો આ પ્રકારની મદદ ઉભી ના કરી શકીએ તો આ વાયરસ માત્ર આફ્રિકા નહી પરંતુ વિશ્વના અનેક ભાગોમાં પ્રસરી જશે. વાયરસ ફેલાવાની શક્યતાઓ ખુબજ વધુ છે.ખુબજ સરળતાથી તે બીજી જગ્યાઓ પર તબદીલ થઈ શકે છે.અને તે યુનાઈટેડ સ્ટેટ માટે પણ ગંભીર પ્રકારનો ખતરો પેદા કરી શકે છે.

ધ સેન્ટર ફોર ડીસીઝ કંન્ટ્રોલ એન્ડ પ્રીવેન્સને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે આ વાયરસએટલી ઝડપથી ફેલાઈ રહ્યો છે અને તેને કાબુમાં કરવો મુશ્કેલ લાગે છે.સીડીસી ડીરેકટર ડો. ટોમ ફ્રાઈડને જણાવ્યું કે જે દેશોમાં આ વાયરસ ફેલાયો છે તેની પાડોશમાં આવેલા દેશો માટે ભારે સંકટ છે અને તેઓએ ચેતવણીનો સ્વીકાર કરીને તેમની સરહદો સીલ કરી દેવી જોઈએ.વાયરસ ફેલાયેલ દેશોમાંથી આવતી વિમાની સેવાઓમાં આવતા પ્રવાસીઓને રોકવા જોઈએ.આ એક પ્રકારના રીલીફ માટેના પ્રયત્નો છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન કે જે આ બાબતે ઝીણી નજર સમગ્ર બાબત ઉપર રાખી રહ્યા છે તેમણે જણાવ્યું હતું કે આ વાયરસ રોકાવાનું નામ લેતો નથી.નવા કેસોમાં એકદમ પુષ્કળ વધારો થઈ રહ્યો છે.પરિસ્થિતિ એકદમ ગંભીર છે.ડાયર ઈમરજન્સી.માનવજાતને માટે ખુબજ મોટો ભય દેખાઈ રહ્યો છે.રીલીફ ગ્રુપ અને હ્યુમેનેટેરીયમ એજન્સીઓએ ખુબજ મોટા પ્રમાણમાં ઈબોલાની સારવાર માટેના કેન્દ્રો ઊભા કરી દીધા છે.જે દેશોમાં આ વાયરસની અસર છે ત્યાં જરુરી મદદો તેઓ પહોચાડી રહ્યા છે. પરંતુ જે પ્રકારનો આ વાયરસ છે તેના કારણે અનેક ડોકટરો,હેલ્થ વર્કરો આ વાયરસનો ભાગ બન્યા છે.કારણકે તેઓ દર્દીની નજદીક થી સારવાર કરી રહ્યા છે તેથી તેમને વધુ ઝડપથી ચેપ લાગ્યો છે.

યુ.એન તરફથી આ બાબતે થનારા ખર્ચનો આંકડો અંદાજીત આકવામાં આવ્યો છે તે ૬૦૦ મીલીયન ડોલરનો છે.આટલા બધા મીલીયન ડોલર થી આ વાયરસનો મુકાબલો કરી શકાશે.યુ.એસ. સરકારે વેસ્ટ આફ્રીકાને આ વાયરસ સામે લડવા માટે ૧૧૦ મીલીયન ડોલરની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.જ્યારે યુ.એસ. એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટે જણાવ્યું હતું કે હજુ તેઓ બીજા ૭૫ મીલીયન ડોલરનું ફંડ તેમના માટે તૈયાર રાખશે.

બીબીસી ન્યુઝના રીપોર્ટ પ્રમાણે બ્રીટીશ સરકારે ૪૦ મીલીયન ડોલર વેસ્ટ આફ્રીકાને ઈબોલા સામે લડવા માટે આપવા મંજુર કર્યા છે.જ્યારે યુરોપીયન યુનીયને ૧૮૦ મીલીયન ડોલરની સહાય નક્કી કરી છે જે વેસ્ટ આફ્રિકન સરકારને તેમની આરોગ્ય સેવાઓ મજબુત કરવા માટે આપવામાં આવશે.



ઉપરોક્ત તસવીરમાં મીલીન્ડા ગેઈટ્સ મીડીયાને સંબોધી રહ્યા છે. જ્યારે તેમના પતિ માઈક્રોસોફ્ટના કો.ફાઉન્ડર બીલ ગેઈટ(ડાબી બાજુએથી) તથા તેમના પિતા વિલિયમ એચ.ગેઈટસ સર.તેઓને સાંભળી રહ્યા છે.૧૫ મીલીયનના ખર્ચે વીઝીટર સેન્ટરનું નવુ બાંધકામ કરવામાં આવ્યું કે જે ૫૦૦ મીલીયનના બીલ અને મીલીન્ડા ગેઈટસ ફાઉન્ડેશન કેમ્પસ,સીટલ,વોશીગ્ટન ખાતે આવેલું છે. આ તસવીર ફેબ્રુઆરી ૧,૨૦૧૨માં લેવામાં આવી હતી.

# ગુજરાતની પેટા ચુંટણીમાં કોગ્રેસના અચ્છે દિન આયે

તા.૧૩ સપ્ટે.ના રોજ યોજાયેલી ગુજરાતની ૯ વિધાનસભાની અને વડોદરા લોકસભાની બેઠકની ચુંટણીમાં પરિણામો જાહેર થયા હતા. ભાજપની આ પેટા ચુંટણીમાં ત્રણ બેઠકો કોગ્રેસે આંચકી લેતાં,હતાશામાં ડુબેલી કોગ્રેસમાં આશાના કિરણો ઉમટ્યા હતા.ગુજરાતની તમામ ૯ વિધાનસભાની બેઠકો ભાજપના સાંસદો ચુંટાવાને કારણે ખાલી પડી હતી.ભાજપાએ માંગરોળ,ખંભાળીયા, અને ડીસાની બેઠકો ગુમાવી હતી.જ્યારે લોકસભાની વડોદરાની બેઠક જે મોદીએ ખાલી કરી હતી તે ભાજપાએ જાળવી રાખી હતી.ભાજપ દ્વારા તેમની તમામ ૧૦ બેઠકો જાળવી રાખવા માટે છેલ્લા બે માસથી બેઠકો,આયોજનો અને રણનીતી નક્કી કરવા માટે મહેનત કરવામાં આવી હતી. જ્યારે કોગ્રેસનું ચુંટણી લડવા અને જીતવા માટે કોઈ જ આગોતરુ આયોજન ન હતું.આમ છતાં ભાજપની ત્રણ બેઠકો કોગ્રેસે આંચકી લીધી હતી.કોગ્રેસની સફળતાએ રાજ્યમાં કોગ્રેસ પાર્ટીમાં પ્રાણ સંચાર કર્યો છે.

કોગ્રેસની જીતને આવકારતાં વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાધેલાએ જણાવ્યું હતું કે ભાજપને મળેલા માર્જીનમાં મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે.લોકોની અપેક્ષાઓ પુરી થઈનથી અને ભાજપથી છેતરાયા હોવાનો અહેસાસ થયો છે.તેમણે મતદારોનો આભાર માન્યો હતો.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.